૪. દશપર્ણી અર્ક :

દરેક પ્રકારની ચૂસીયા જીવાત તથા ઇયળના નિયંત્રણ માટે

દશપર્ણી અર્ક બનાવવાની રીત :એક બેરલમાં ૨૦૦ લીટર પાણી લો. તેમાં ૨૦ લીટર ગૌમૂત્ર નાખો. ૨ કિલોગ્રામ દેશી ગાયનું છાણ નાખી બરાબર મિશ્ર કરો. ત્યારપછી ઉપરોક્ત મીશ્રણમાં ૫ કિલોગ્રામ લીમડાની નાની નાની ડાળીઓ કટકા કરીને નાખો, તેમજ ૨ કિલોગ્રામ સીતાફળના પાન, ૨ કિલોગ્રામ કરંજના પાન,૨ કિલોગ્રામ એરંડાના પાન,૨ કિલોગ્રામ ધતુરાના પાન,૨ કિલોગ્રામ બીલીના પાન, ૨ કિલોગ્રામ બોરડીના પાન, ૨ કિલોગ્રામ પપૈયાના પાન, ૨ કિલોગ્રામ બાવળના પાન, ૨ કિલોગ્રામ જામફળના પાન, ૨ કિલોગ્રામ જાસૂદના પાન, ૨ કિલોગ્રામ સરગવાના પાન, ૨ કિલોગ્રામ આદુના પાન, ૨ કિલોગ્રામ આંબાના પાન, ૨ કિલોગ્રામ કરેણના પાન, ૨ કિલોગ્રામ કારેલાના પાન, ૨ કિલોગ્રામ ગલગોટા છોડના ટુકડા ઉમેરો. ઉપર જણાવેલ વનસ્પતિમાંથી કોઇ પણ દશ વનસ્પતિ નાખો. જો આપના વિસ્તારમાં બીજી ઔષધિય વનસ્પતિઓની જાણ હોય તો તેના પણ પાન લેવા ત્યારપછી ૧ કિલોગ્રામ તમાકુનો પાવડર અને ૧ કિલોગ્રામ તીખા મરચાની ચટણી નાખવી. તે પછી તેમાં ૨૦૦ ગ્રામ સુંઠનો પાવડર તેમજ ૫૦૦ ગ્રામ હળદરનો પાવડર નાખવો, હવે તેને લાકડીથી હલાવવું, હવે એ મિશ્રણને છાંયામાં રાખી દિવસમાં ૨ વખત સવાર અને સાંજ લાકડીથી હલાવવું. આ મિશ્રણને વરસાદના પાણી તેમજ તડકાથી બચાવવું. આ મિશ્રણને તૈયાર થવામાં ૩૦ થી ૪૦ દિવસ જેટલો સમય લાગે છે. ત્યારબાદ તેને કપડાથી ગાળી અને વાસણમાં ઢાંકીને રાખવું.આ મિશ્રણને છ માસ સુધી સાચવી શકાય છે. ૨૦૦ લીટર પાણીમાં ૫ થી ૬ લીટર દશપર્ણી અર્ક જીવાતના નિયંત્રણ માટે છાંટવું.

૫.ફૂગનાશક બનાવવાની રીત:

(૧) ૧૦૦ લીટર પાણીમાં ૩ લિટર ખાટી છાશ ભેળવીને પાક ઉપર છંટકાવ કરવો

(૨) ૧૦૦ લીટર પાણીમાં ૧૦ લીટર ગાળેલ જીવામૃત ભેળવીને પાક ઉપર છંટકાવ કરવો.

(૩) ૧૦૦ લીટર પાણીમાં ૧૫ લીટર ગાળેલ જીવામૃત તેમજ તેમાં ૩ લીટર ૩ થી ૪ દિવસ પડેલી વાસી છાશ મીશ્ર કરી પાક ઉપર છંટકાવ કરવો.

ઉપર મુજબના મીશ્રણનો ઉપયોગ કરવાથી જુદા જુદા પાકમાં આવતા ફૂગ તેમજ વિષાણુથી થતા રોગો સામે છોડને રક્ષણ આપે છે.

કૃષિ વિસ્તરણ પ્રકાશન શ્રેણી: ૩-૧-૪૬ નકલ : ૧૦૦૦ કિંમત : વિના મૂલ્યે વર્ષ : ૨૦૨૩

# પ્રાકૃતિક કૃષિમાં પાક સંરક્ષણના ઉપાયો






શ્રી ડી.એ.સરડવા, ડો.એલ.એલ.જીવાણી, ડો. કે.એન.વડારીયા,
શ્રી જી.એસ.ઝાલા, શ્રી વી.વી.ઠાકોર

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
જુનાગઢ કૃષિ યુનિવર્સિટી,
મોરબી

પ્રાકૃતિક કૃષિમાં પાક સંરક્ષણના ઉપાયો

કોઈપણ પાક અથવા ફળાઉ ઝાડ પર છંટકાવ માટે ઘરે જંતુનાશક દવાઓ આ પ્રમાણે બનાવી શકાય.

૧. નીમાસ્ત્ર : ચુસિયા પ્રકારની જીવાતો અને નાની ઈયળ ના નિયંત્રણ માટે.

નીમાસ્ત્ર બનાવવાની રીત: ૫ કિલો ગ્રામ લીમડાના લીલા પાન અથવા પાંચ કિલો ગ્રામ સુકાયેલી લીંબોળી લઈ ખાંડીને રાખવી. ૧૦૦ લીટર પાણીમાં આ ખાંડેલ લીમડો અથવા લીંબોળી નો પાવડર નાખો તેમાં પાંચ લીટર ગૌમૂત્ર ઉમેરવું. ત્યારબાદ ૧ કિલોગ્રામ દેશી ગાયનું છાણ ભેળવવું. લાકડીની મદદથી ઘડીયાળના કાટાની દિશામાં આ મિશ્રણને હલાવવુ. દિવસમાં ત્રણ વખત હલાવવું અને ૪૮ કલાક પછી આ મિશ્રણને કપડાથી ગાળી લઈ સંગ્રહ કરવો. જીવાતના નિયંત્રણ માટે પાક પર આ મિશ્રણ નો છંટકાવ કરવો. બનાવેલ દ્રાવણનો આખો પંપ ભરી છંટકાવ માટે ઉપયોગ કરવો.

| ક્રમ | જરૂરી વસ્તુઓ | પ્રમાણ |
|---|---|---|
| ૧ | લીમડાના પાન અને લીંબોળી ખાંડીને | ૫ કિ.ગ્રા. |
| ૨ | દેશી ગાયનું ગૌમૂત્ર | ૫ લીટર |
| ૩ | દેશી ગાયનું છાણ | ૧ કિ.ગ્રા. |
| ૪ | પાણી | ૧૦૦ લીટર |

૨. બ્રહ્માસ્ત્ર : કિટકો, મોટી જીવાતો અને ઈયળના નિયંત્રણ માટે

બ્રહ્માસ્ત્ર બનાવવાની રીત : ૨૦ લીટર ગૌ મૂત્ર લો તેમાં ૨ કિલો લીમડાના પાન ખાંડીને નાખો. તેમાં ૨ કિલોગ્રામ કરંજના પાન નાખો. જો કરંજ ના પાન ન મળે તો કરંજના પાનની જગ્યાએ ૫ કિલો ગ્રામ લીમડાના પાનનો ઉપયોગ કરવો પછી તેમાં ૨ કિલોગ્રામ સીતાફળના પાન નાખો. તેમાં ૨ કિલોગ્રામ સફેદ ધતુરાના પાન ખાંડીને ઉમેરો ત્યારબાદ તેમાં ૨ કીલોગ્રામ એરંડાના પાન ખાંડીને નાખો.આ મિશ્રણને ગૌમુત્રમાં ભેળવી અને ઢાંકીને ધીમા તાપે ગરમ કરવુ. આશરે ૨થી ૩ વખત ઉભરો આવ્યા પછી તેને ઉતારી લો અને ઠંડુ થવા દેવું. પછી કપડાથી ગાળીને કોઈ મોટા વાસણમાં સંગ્રહ કરવો. આ બ્રહ્માસ્ત્ર તૈયાર થઈ ગયું. આ બ્રહ્માસ્ત્રને ૧૦૦ લીટર પાણીમાં ૨ થી ૨.૫ લીટર ના પ્રમાણમાં ભેળવીને પાક પર છંટકાવ કરવાથી કીટકો, મોટી જીવાતો અને ઈયળના નિયંત્રણ માટે ઉપયોગ કરી શકાય છે.

| ક્રમ | જરૂરી વસ્તુઓ | પ્રમાણ |
|---|---|---|
| ૧ | દેશી ગાયનું ગૌમૂત્ર | ૨૦ લીટર |
| ૨ | લીમડાના પાન ખાંડીને | ૨ કિ.ગ્રા. |
| ૩ | સફેદ ધતુરાના પાન ખાંડીને | ૨ કિ.ગ્રા. |
| ૪ | સીતાફળના પાન ખાંડીને | ૨ કિ.ગ્રા. |
| ૫ | કરંજના પાન ખાંડીને | ૨ કિ.ગ્રા. |
| ૬ | એરંડાના પાન ખાંડીને | ૨ કિ.ગ્રા. |

૩. અગ્નિઅસ્ત્ર :

વૃક્ષના થડ અથવા ડાંડીઓમાં ફૂલ કળીમાં કે ફળમાં સંતાઈને રહેતી જીવાતો કે કપાસના જીંડવામાં સંતાઈ રહેતી જીવાતના નિયંત્રણ માટે અગ્નિઅસ્ર ઉપયોગી છે.

અગ્નિઅસ્ત્ર બનાવવાની રીત:

૨૦ લીટર ગૌમૂત્ર લો તેમાં ૫૦૦ ગ્રામ તીખા લીલા મરચા અને ૫૦૦ ગ્રામ લસણ ખાંડીને નાખો, તેમાં ૫ કિલો ગ્રામ લીમડાના ખાંડેલા પાન, ૫૦૦ ગ્રામ તમાકુનો પાવડર ઉમેરી મિશ્ર કરો અને આ મિશ્રણને લાકડી થી હલાવો. ત્યારબાદ એક વાસણમાં આ મિશ્રણને ધીમા તાપે ગરમ કરવુ આશરે ૨થી ૩ વખત ઉભરો આવ્યા પછી તેને ઉતારી લો અને ઠંડુ થવા દેવું. પછી કપડાથી ગાળી ને કોઈ મોટા વાસણમાં સંગ્રહ કરવો. અગ્નિઅસ્ત્ર તૈયાર થઈ ગયુ. આ અગ્નિઅસ્ત્રને ૧૦૦ લીટર પાણીમાં ૨ થી ૨.૫ લિટરના પ્રમાણમાં ઉમેરી પાક ઉપર છંટકાવ કરવાથી કળીમાં રહેલ જીવાતનું તેમજ બીજી નાની મોટી ઈયળ નું નિયંત્રણ કરી શકાય છે.

| ક્રમ | જરૂરીવસ્તુઓ | પ્રમાણ |
|---|---|---|
| ૧ | દેશી ગાયનું ગૌમૂત્ર | ૨૦ લીટર |
| ૨ | તીખા લીલા મરચા ખાંડીને | ૫૦૦ ગ્રામ |
| ૩ | દેશી લસણ ખાંડીને | ૨૫૦ ગ્રામ |
| ૪ | લીમડાના પાન ખાંડીને | ૫ કિ.ગ્રા. |
| ૫ | તમાકુનો પાવડર | ૫૦૦ ગ્રામ |